Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

84

# કચ્છ જિલ્લાના ધોરણ-10ના વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓનું મૂલ્યાંકન

**વર્ષા ગઢવી**

રીસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**સારાંશ**

ભારતના પશ્ચિમ છેડે આવેલ કચ્છ એ વિસ્તારની દ્રષ્ટિએ દેશનો બીજા ક્રમનો અને ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે. તે 22$^{0}$44' અને 24$^{0}$42' ઉત્તર અક્ષાંશ થી 68$^{0}$10' અને 70$^{0}$55' પૂર્વ રેખાંશ વચ્ચે સ્થિત છે. જેનો કુલ વિસ્તાર લગભગ 20875.5 ચો.કીમી. છે. જેમાં મૂળભુમિ વિસ્તાર 20875 ચો.કીમી. છે તથા જ્યારે બાકીનો રણ વિસ્તાર લગભગ 23310 ચો.કીમી.નો ભૂમિભાગ રોકતા તે 'લેહ' પછી ભારતનો બીજા ક્રમનો સૌથી મોટો જિલ્લો છે. આ કચ્છ જિલ્લામાં અભ્યાસ કરતા ધોરણ-10ના વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ તપાસવા આધુનિક ટેકનોલોજી Google ફ્રોર્મ સ્વરચિત પ્રશ્નાવલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાંથી પરત આવેલ 1100 ઉત્તરવહીઓ મારફતે t-મૂલ્ય દ્વારા સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** કચ્છ જિલ્લો, ધોરણ-10 વિધાર્થીઓ, શૈક્ષણિક સિદ્ધિ

## 1. પ્રસ્તાવના

ભારતની પશ્ચિમ દિશાએ આવેલ સ્વતંત્ર ભારતનું એક રાજ્ય ગુજરાતની ઉત્તરે પાકિસ્તાન તથા ઉત્તર-પૂર્વે રાજસ્થાનના મારવાડ તથા મેવાડ અને પૂર્વમાં મધ્ય પ્રદેશનો માળવા અને પૂર્વમાં મહારાષ્ટ્રનો ખાનદેશ છે તથા દક્ષિણે મહારાષ્ટ્ર આવેલું છે. ઉપરાંત દક્ષિણે દાદરા નગર હવેલીના કેન્દ્ર શાસિત પ્રદેશ આવેલા છે. ગુજરાત

રાજ્યનું કુલ ક્ષેત્રફળ 196024 ચો. કીમી. છે. તારીખ 1લી મે, 1960 ના રોજ દ્વિભાષી રાજ્યમાંથી ગુજરાત રાજ્ય અલગ પડેલું છે. ગુજરાત રાજ્યની ઉત્તર-દક્ષિણ લંબાઈ આશરે 590 કીમી. છે તથા પૂર્વ-પશ્ચિમ પહોંળાઈ આશરી 500 કીમી. જેટલી છે. ગુજરાતની પૂર્વમાં અરબી સમુદ્ર છે તથા ગુજરાતને બે અખાતો છે. સૌરાષ્ટ્રની પૂર્વ દિશાએ ખંભાતનો અખાત છે તથા સૌરાષ્ટ્રની ઉત્તરે કચ્છનો અખાત આવેલો છે. કુલ 1600 કીમી. લાંબો સમુદ્ર કિનારો ધરાવના ગુજરાત નાની મોટી નદીઓના મુખ પ્રદેશો તથા ખાડીઓથી ખાંચા ખુચી વાળો છે[1]. પરિણામે તે પ્રાચીનકાળથી દરિયાઈ વ્યાયાર માટે જાણીતો છે. ખંભાતના અખાત ઉપર આવેલુ હડપ્પીય બંદર લોથલ સૌરાષ્ટ્ર કાંઠે ભાવનગર નજીક આવેલ વલભિ તથા તળગુજરાતના કાંઠે આવેલા ખંભાત તથા ભરૂચ તેમનાં આંતરરાષ્ટ્રીય વ્યાપારો માટે હજારો વર્ષોથી જાણીતા છે. એક કાળે ભરૂચ તો દરિયાઈ વ્યાપાર માટેનું એક એમ્પોરિયલ ગણાતું હતું.

પર્યાવણીય રીતે ગુજરાતના મુખ્ય ચાર ભાગ પડે છે.

1. કચ્છ
2. સૌરાષ્ટ્ર
3. ઉત્તર-મધ્ય ગુજરાત તથા
4. દક્ષિણ ગુજરાત

જેમાંથી પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો અને ભૂતપૂર્વ દેશી રાજ્ય કચ્છ પર કરવામાં આવ્યો છે અને પ્રસ્તુત સંશોધન કચ્છમાં અભ્યાસ કરતા ધોરણ-10ના વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ તપાસવા કરવામાં આવેલ છે.

## 2. સંશોધનના હેતુઓ

- કચ્છ જિલ્લામાં અભ્યાસ કરતા ધોરણ-10 વિધાર્થીઓની જાતિ સંદર્ભે શૈક્ષણિક સિદ્ધિઓનું મૂલ્યાંકન કરવું.
- કચ્છ જિલ્લાના ધોરણ-10 વિધાર્થીઓની વિસ્તાર સંદર્ભે શૈક્ષણિક સિદ્ધિઓનું મૂલ્યાંકન કરવું.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**3. સંશોધનની ઉત્કલ્પનાઓ**

- કચ્છ જિલ્લાના ધોરણ-10માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- કચ્છ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા ધોરણ-10 વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**4. સંશોધન પદ્ધતિ અને નિદર્શ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી કરવામાં આવેલ છે જેમાં કચ્છમાં આધુનિક ટેકનોલોજી Google ફોર્મ સ્વરચિત પ્રશ્નાવલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાંથી પરત આવેલ પ્રશ્નાવલીની સંખ્યા નીચે મુજબ છે.

| વિસ્તાર | છોકરાઓ | છોકરીઓ | કુલ |
|---|---|---|---|
| શહેરી | 280 | 270 | 550 |
| ગ્રામ્ય | 280 | 270 | 550 |
| કુલ | 560 | 540 | 1100 |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે પરત આવેલ 1100 ઉત્તરવહીઓ મારફતે t-મૂલ્ય દ્વારા સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

**5. અભ્યાસના ચલો**

| ક્રમ | ચલનું નામ | ચલનો પ્રકાર | ચલની કક્ષા |
|---|---|---|---|
| 1 | જાતિયતા | સ્વતંત્ર | ➢ છોકરાઓ<br>➢ છોકરીઓ |


| | | | |
|---|---|---|---|
| 2 | વિસ્તાર | સ્વતંત્ર | ➢ ગ્રામ્ય<br>➢ શહેરી |
| 3 | શૈક્ષણિક સિદ્ધિ | પરતંત્ર ચલ | ➢ શૈક્ષણિક સિદ્ધિ |

## 6. પરિણામ ચર્ચા

પ્રસ્તુત અભ્યાસમાં કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાંથી ધોરણ-10ના છોકરાઓ અને છોકરીઓની ઉત્તરવહી દ્વારા મેળવેલ પ્રાપ્તાંકો પરથી ફલિત થતા પરિણામો આ પ્રમાણે છે.

- કચ્છ જિલ્લાના ધોરણ-10માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.


| ચલ | સંખ્યા | મધ્યક | SD | SED | T-test | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| છોકરાઓ | 560 | 42.43 | 4.38 | 0.13 | 3.91 | અસાર્થક |
| છોકરીઓ | 540 | 41.92 | 5.11 | | | |



ઉપરોક્ત સારણી અને આલેખનું અવલોકન કરતાં જણાય છે કે છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિના માપદંડ પરના સરેરાશપ્રાપ્તાંકોનો મધ્યક 42.43 અને 41.72 મળ્યો છે. જેનું t -મૂલ્ય 3.91 પ્રાપ્ત થયું છે. 0.05 અને 0.01 કક્ષાએ પ્રાપ્ત t મૂલ્ય સારણિયન મૂલ્ય કરતાં ઓછું છે. આથી શૂન્ય ઉત્કલ્પના કચ્છ જિલ્લાના ધોરણ-10માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોયનો સ્વીકાર થતો નથી. આથી કહી શકાય કે  છોકરાઓ તથા છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન છે.

- કચ્છ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા ધોરણ-10 વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

| ચલ | સંખ્યા | મધ્યક | SD | SED | T-test | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય | 550 | 42.46 | 4.39 | 0.13 | 4.26 | અસાર્થક |
| શહેરી | 550 | 41.90 | 5.07 | | | |



ઉપરોક્ત સારણી અને આલેખનું અવલોકન કરતાં જણાય છે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધોરણ-10ના વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના માપદંડ પરના સરેરાશપ્રાપ્તાંકોનો મધ્યક 42.46 અને 41.90 મળ્યો છે. જેનું t -મૂલ્ય 4.26 પ્રાપ્ત થયું છે. 0.05 અને 0.01 કક્ષાએ પ્રાપ્ત t મૂલ્ય સારણિયન મૂલ્ય કરતાં ઓછું છે. આથી શૂન્ય ઉત્કલ્પના કચ્છ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા ધોરણ-10 વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોયનો સ્વીકાર થતો નથી. આથી કહી શકાય કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન છે.

## 7. તારણો

- કચ્છ જિલ્લાના ધોરણ-10માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન છે.
- કચ્છ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા ધોરણ-10 વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન છે.

## સંદર્ભ સૂચિ


- અંતાણી, નરેશ (2012), આદ્ય ઐતિહાસિક કચ્છ, કચ્છનો સર્વાંગી ઈતિહાસ ભાગ-૧ માંથી, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
- જાડેજા યોગેશ (2012), કચ્છની પ્રાકૃતિક (ભૌગોલિક) પરિસ્થિતિ, કચ્છનો સર્વાંગી ઈતિહાસ ભાગ-1 માંથી, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
- ઠાકર, સંજય પી., 2018, કચ્છ: સાત દાયકાના 70 સીમાચિહ્ન, પરાસરા સંજયભાઈ ઠાકર
- Parmar, Kumarpal (2021), "માનવનું પ્રથમ રહેઠાણ: ગુફાઓ_The First Residence of Human: Caves." Kasumbo (E-Magazine) _કસુંબો, 2021
- Ajithprasad, P. (2018), Early Harappan Burials and Kuchchh in History Today: Journal of History and Historical Archaeology, eds. K.N. Dixit and Ankit Agrawal, New Delhi: The History and Culture Society
- Desai, Anjli S. (2007) India Guide Gujarat, Ahmedabad: India Guide Publications
- Gupta, Vishal Jaishankar (2011). "Chapter 2. Environmental Outlines of the little Rann of Kutch". Geomorphodynamics and morphoecological management in the little Rann of Kutch (PDF). Maharaja Sayajirao University of Baroda